યોજનામાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
કૃષિ અને સહકાર વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮-એમ.૩૮-ક-૪**
**સચિવાલય, ગાંધીનગર,**
**તારીખઃ ૯-૩-૨૦૦૪**

**વંચાણે લીધા :-**
(૧) કૃષિ અને સહકાર વિભાગનો તા.૨૧-૮-૯૯ નો ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮- એમ-૩૮-ક-૪.
(૨) કૃષિ અને સહકાર વિભાગનો તા. ૨૮-૪-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮-એમ.૩૮-ક-૪
(૩) કૃષિ અને સહકાર વિભાગનો તા.૨૭-૩-૦૨ નો ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮- એમ-૩૮-ક-૪.
(૪) કૃષિ અને સહકાર વિભાગનો તા.૧૧-૪-૦૨ નો ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮- એમ-૩૮-ક-૪.
(૫) કૃષિ અને સહકાર વિભાગનો તા.૧૯-૫-૦૩ નો ઠરાવ ક્રમાંકઃ જસય-૧૦૯૮- એમ-૩૮-ક-૪. (પાર્ટ ફાઇલ)

ઠરાવ :-

રાજયમાં અનિયમિત અને અસમાન વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પીવાના તેમજ સિંચાઇ માટેના પાણીની તીવ્ર અછત ઉભી થયેલ છે. અને દિન-પ્રતિદિન ઉંડા ઉતરતા જતા ભૂગર્ભ જળને કારણે કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળ ખારા અને ફલોરાઇડ યુકત બનેલ છે. આ પરિસ્થિતિના નિવારણ માટે અને ભૂગર્ભ જળ સ્તર ઉંચા લાવવા માટે રાજયમાં વરસાદના પાણીનો મહત્તમ જળસંગ્રહ કરી રીચાર્જ કરવાની અગત્યતાને ધ્યાનમાં લઇ રાજયમાં આવેલ ગામ તળાવોમાં વરસાદી પાણી સાથે માટી અને કાંપ આવવાથી આ તળાવોની ઉંડાઇ ઘટવાથી પાણીની સંગ્રહશકિત ઓછી થતાં તળાવોનું પાણી ભૂગર્ભમાં ઓછા પ્રમાણમાં ઉતરે છે. માટે આ ગામ તળાવોમાં જમા થયેલ કાંપ કાઢીને તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શકિતમાં વધારો થશે અને તળાવોનું પાણી વધુ પ્રમાણમાં ભૂગર્ભમાં ઉતરતાં આજુબાજુના વિસ્તારની જળસપાટીમાં વધારો થશે અને પરિણામે તળાવના કાંઠે તથા ગામમાં આવેલા કુવાઓ / બોર તથા હેન્ડ પંપના બોરમાં પાણીનો આવરો વધતાં પાણી વધુ લાંબા સમય સુધી ઉપલબ્ધ થઇ શકશે. વળી ગામ તળાવોમાં પાણી લાંબા સમય માટે ઉપલબ્ધ રહેતાં ઢોરોને પણ પુરતા પ્રમાણમાં પાણી મળી રહેશે.

૨. આ બાબતમાં આમુખ (૧) , (૨), (૩), (૪) અને (૫) માં દર્શાવેલ ઠરાવથી આ યોજનાના અમલીકરણ અંગે શરતો અને બોલીઓ નકકી કરવામાં આવેલ છે. તે મુજબ આ યોજનાનો અમલ કરવાનો રહેશે.

૩. આ યોજનાના ખર્ચની પ્રવર્તમાન મહત્તમ મર્યાદા રૂપિયા ૫.૦૦ લાખની રાખવી અને થનાર અંદાજીત ખર્ચ પેટે ૧૦ ટકા લોક ફાળો લેવો અને આ લોક ફાળા પેટેની રકમ પ્રથમ નિગમમાં જમા કરાવ્યા બાદજ ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ધરવી તથા અરજી સાથે લેવાતી રૂપિયા ૫૦૦ ની ફીની રકમ લોકફાળામાં સમાવેશ ગણવી.

૪. ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ લિ. સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, જામનગર, જુંનાગઢ, પોરબંદર, અમરેલી, કચ્છ, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ધરશે જયારે બાકીના જિલ્લાઓમાં નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી હાથ ધરશે.